# ગુજરાત યુનિવર્સિટી

ક્રમાંક:પરીક્ષા/ઓબ્ઝર્વર/૨૦૨૨
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦ ૦૦૯
તા.૨૮-૦૯-૨૦૨૨

**<u>ટોચ અગ્રિમતા / ખાસ જરૂરી</u>**

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્થાનિક કોલેજોના આચાર્યશ્રીઓ.

**વિષય :ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઓકટોમ્બર-નવેમ્બર-ડિસેમ્બર -૨૦૨૨માં લેવાનાર પરીક્ષાઓમાં ઓબ્જર્વરશ્રી અંગેની કામગીરી કરવા માહિતી મોકલી આપવા અંગે.**

**શ્રીમાન,**

માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઓકટોમ્બર-નવેમ્બર-ડિસેમ્બર -૨૦૨૨માં લેવાનાર જુદી-જુદી વિદ્યાશાખાની પરીક્ષાઓમાં બહારગામ તેમજ સ્થાનિક પરીક્ષા કેન્દ્રો ઉપર ઓબ્ઝર્વરશ્રી તરીકેની કામગીરી બજાવવા માટે આપની કોલેજમાં કાયમી અધ્યાપક તરીકે ફરજ બજાવતા હોય તેવા અધ્યાપકનાં નામ,સરનામાં,મોબાઈલ નંબર તથા ઈ-મેઈલની વિગતો સામેલ નમૂના મુજબનાં પત્રકમા નીચે દર્શાવેલ તારીખ સુધીમાં મોકલી આપવાનાં રહેશે. દરેક કોલેજના આચાર્યશ્રીએ ઓબ્ઝર્વરશ્રીનાં નામ મોકલી આપવા ફરજીયાત છે. આપના દ્વારા મોકલવામાં આવેલ અધ્યાપકોને યુનિવર્સિટી તરફથી આપવામાં આવેલ કામગીરી જે તે સમયે સંપૂર્ણપણે બજાવવાની રહેશે.જે અધ્યાપકશ્રીનું નામ કોલેજ દ્વારા યુનિવર્સિટીમાં મોકલવામાં આવેલ છે તે અધ્યાપકશ્રીને પણ તે તબકકામાં ઓબ્ઝર્વર તરીકે જવાનું છે તેની જાણ આચાર્યશ્રીએ અચૂક કરવાની રહેશે. આ અંગેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

ઉપરોક્ત વિગત આ સાથે સામેલ પત્રક (અ)માં ભરી યુનિવર્સિટી કાર્યાલયને તા.-૦૭-૧૦-૨૦૨૨ સુધીમાં પરીક્ષા નિયામકશ્રીને આચાર્યશ્રીના સહી સિક્કા સાથે મળે તેમ વ્યવસ્થા કરવા વિનંતી છે.
જે અધ્યાપકનું નામ યુનિવર્સિટીમાં કોલેજ દ્વારા ઓબ્ઝર્વર તરીકે મૂકવામાં આવેલ હોય તે જ અધ્યાપકે તે તબકકાની પરીક્ષા દરમિયાન કુલ : ૦૭(સાત) દિવસ ફરજ બજાવવાની રહેશે. ઓબ્ઝર્વર તરીકેની કામગીરી માટે સેનેટ હોલમાં સવારે-૯-૦૦ વાગે આવવાનું રહેશે જેની જાણ આચાર્યશ્રીએ ઓબ્ઝર્વરમાં આવનાર અધ્યાપકશ્રીને અચૂક કરવાની રહેશે. આચાર્યશ્રી દ્વારા મોકલેલ યાદીમાં જો કોઈ કારણસર અધ્યાપકનાં નામમાં ફેરફાર કરવામાં આવે તો પરીક્ષાનાં ત્રણ(૩)દિવસ પહેલા આચાર્યશ્રીનાં સહી સિકકા સાથેનો કાગળ પરીક્ષા વિભાગમાં અચૂક મોકલી આપવાનો રહેશે. યુનિવર્સિટીમાંથી ઓબ્ઝર્વરમાં આવનાર અધ્યાપકને કોઈપણ જાતની જાણ કરવામાં આવશે નહીં તે જાણ સારુ. આ અંગે અધ્યાપકશ્રીને સમયસર પરીક્ષાની કામગીરી અંગે મોકલવાની જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

વધુમાં જણાવવાનું કે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીનો તા. ૧-૩-૨૦૦૮ના પત્ર ક્રમાંક:કવટ-૧(૧)યુનિ.-૨૦૦૮/૨૦૩૭-૩૮ અને યુનિવર્સિટીના તા. ૧૭/૧/૨૦૦૩ના પત્રાંક : પરીક્ષા-૩૨૯૧૩-૨૦૦૩ તરફ ધ્યાન દોરી જણાવવાનું કે (જનરલ નિયમ : ૪માં દર્શાવ્યા મુજબ) યુનિવર્સિટીએ સોંપેલ પરીક્ષા અંગેની તમામ કામગીરી ફરજીયાત કરવાની છે. સમયમર્યાદામાં પૂરતાં નામ મોકલી આભારી કરશો.

આભાર સહ,

**આપનો વિશ્વાસુ,**

**પરીક્ષા નિયામક વતી**

**પત્રક (અ)**

E:\Observer\Obs Name recommend 2013

કોલેજનું નામ : ____________________________________________________________

## તા.૧૧/૧૦/૨૦૨૨ થી શરૂ થતી

| અનુ. | પ્રાધ્યાપકશ્રીનું પુરૂં નામ તથા હોદ્દો | ઘરનું પૂર્ણ સરનામું | મોબાઈલ/ઈમેઈલ નંબર (ઘર - કોલેજ) | ઓબ્ઝર્વર તરીકે ફરજ બજાવેલ હોયતો તેની વિગતો દર્શાવવી | અધ્યાપકની સહી |
|---|---|---|---|---|---|
| ૧. | | | | | |
| ૨. | | | | | |

## તા.૧૦/૧૧/૨૦૨૨ થી શરૂ થતી

| અનુ. | પ્રાધ્યાપકશ્રીનું પુરૂં નામ તથા હોદ્દો | ઘરનું પૂર્ણ સરનામું | મોબાઈલ/ઈમેઈલ નંબર (ઘર - કોલેજ) | ઓબ્ઝર્વર તરીકે ફરજ બજાવેલ હોયતો તેની વિગતો દર્શાવવી | અધ્યાપકની સહી |
|---|---|---|---|---|---|
| ૧. | | | | | |
| ૨. | | | | | |

## તા.૨૨/૧૧/૨૦૨૨ થી શરૂ થતી

| અનુ. | પ્રાધ્યાપકશ્રીનું પુરૂં નામ તથા હોદ્દો | ઘરનું પૂર્ણ સરનામું | મોબાઈલ/ઈમેઈલ નંબર (ઘર - કોલેજ) | ઓબ્ઝર્વર તરીકે ફરજ બજાવેલ હોયતો તેની વિગતો દર્શાવવી | અધ્યાપકની સહી |
|---|---|---|---|---|---|
| ૧. | | | | | |
| ૨. | | | | | |

## તા.૦૮/૧૨/૨૦૨૨ થી શરૂ થતી

| અનુ. | પ્રાધ્યાપકશ્રીનું પુરૂં નામ તથા હોદ્દો | ઘરનું પૂર્ણ સરનામું | મોબાઈલ/ઈમેઈલ નંબર (ઘર - કોલેજ) | ઓબ્ઝર્વર તરીકે ફરજ બજાવેલ હોયતો તેની વિગતો દર્શાવવી | અધ્યાપકની સહી |
|---|---|---|---|---|---|
| ૧. | | | | | |
| ૨. | | | | | |